R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી  નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા
એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 14 DATE: 07-04-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## એસસી/એસટી એક્ટ અંતગર્ત સુપ્રીમના ચુકાદાના વિરોધમાં દેશભરમાં દલિતો રસ્તા ઉપર ઉતર્યા અને અરાજક્તા વ્યાપી

અનુસુચિત જનજાતિ-જાતિ ધારા અંગે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે સામે સમગ્ર દેશમાં દલિત સંગઠનો દ્વારા આપવામાં આવેલ ભારત બંધનું એલાન હિંસક અને અરાજક બન્યું હતું.આ ઘટનાક્રમમાં નવ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.રસ્તા રોકો,ચક્કાજામ,સરકારી માલમિલક્તોને સળગાવી દેવી, પોલીસ પાર્ટી પર હુમલા કરવા,ટ્રેનો રોકવી સહિતની સંખ્યાબંધ ઘટનાઓ બંધ દરમિયાન બની હતી.તોફાનીઓને અંકુશમાં લેવા માટે પોલીસ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં મોટાભાગના લોકો માર્યા ગયા હતા.બંધની સૌથી મોટી અસરો મધ્યપ્રદેશમાં થઈ હતી.અને રાજ્યમાં પોલીસ ગોળીબારમાં છ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.ઉત્તરપ્રદેશ અને રાજ્યસ્થાનમાં એક એક મોત નિપજ્યા હતાર.

ગુજરાતમાં આ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જો કે રાજ્યમાં મોટા શહેરોમાં બંધ ને સફળ બનાવવા માટે દલિત ટોળાઓએ આક્રમક વલણ દાખવ્યું હતું.મોટાભાગના હાઈવે અને રસ્તાઓ રોકવા માટેના પ્રયત્નો થયા હતા. શહેરી બસોમાં તોડફોડ કરાઈ હતી.ગુજરાતના કેટલાક મોટા શહેરોમાં દલિત સમાજના ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થવા પામ્યુ હતું.

## જીએસટી સિસ્ટમ ભાંગી પડશે,વેપારીઓ રસ્તા પર ઉતરી આવશે : સ્વામી

ગુડ્સ એન્ડ સર્વીસીસ ટેકસના હાલના જટિલ માળખાનો તમામ વિરોધપક્ષો ભારે વિરોધ કરી રહ્યા છે.પણ ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી પણ હવે તેનો જાહેરમાં વિરોધ કરી રહ્યા છે.જો કે સ્વામીએ અગાઉ પણ જીએસટીના કરમાળખાને નિષ્ફળ દર્શાવ્યું હતું.સ્વામીએ દાવો કર્યો હતો કે હાલની જીએસટી ટેક્સ સિસ્ટમ ભાંગી પડવાને આરે છે.વેપારીઓને રિફંડ મેળવવામાં અને ટેક્સ રિટર્ન ભરવામાં ભારે મુશ્કેલી પડે છે. આથી ગમે ત્યારે રોષે ભરાયેલા વેપારીઓ રસ્તા પર ઉતરી આવે તેવી શકયતાઓ છે.વિશ્વ બેન્કના રિપોર્ટમાં પણ જીએસટી વિશ્વની જટીલ કર વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે. હાલ તો વેપારીઓએ જમા કરાવેલી ટેકસની રકમથી આઈસીઆઈસી બેન્ક અને એચડીએફસી બેન્કોની શાખાઓની તીજોરીઓ ભરાઈ ગઈ છે.

એસોચેમના એક કાર્યક્રમમાં સ્વામીએ કહ્યુ હતું કે જીએસટી ટીએનના નામે ખાનગી વિદેશી બેન્કોને લાભ થઈ રહ્યો છે,કરાઈ રહ્યો છે.આઈસીઆઈસીઆઈ બેન્ક અને એચડીએફસી બેન્ક તેની પાસે જમા રહેલી કરોડોની રકમ ૩૦ દિવસ માટે ટુંકાગાળાના વ્યાજે ફેરવતી હશે તેવી આશંકા તેમણે દર્શાવી છે.આ બંને બેન્કોમાં વિદેશી બેન્કોનું સૌથી મોટું હોલ્ડીંગ છે.

ભારતમાં જીએસટીના હાલના માળખાને વિશ્વબેન્કે જટીલમાં જટીલ ગણાવી હતી. તેણે ટેકસના સ્લેબ સામે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.કુલ ૧૧૫ દેશોમાં ભારતમા ટેક્સ દર સૌથી ઉચા હોવાનો તેમાં દાવો કરાયો છે. ભારતમાં જીએસટીના ટેક્સના દર પાંચ સ્લેબમાં નક્કી કરવામાં આવ્યા છે. વિશ્વમાં ૪૯ દેશોમાં જીએસટીનો દર એકજ છે જ્યારે ૨૮ દેશોમાં બે સ્લેબ છે.

## સીબીએસઇ ની ૧૦ અને ૧૨ ધોરણની પરીક્ષાના પેપરો ફુટી જતાં દેશમાં હોબાળો મચ્યો

સીબીએસઈ બોર્ડના ધોરણ ૧૦ અને ૧૨ના અનુક્રમે મેથ્સ અને અર્થશાસ્ત્રના પેપરો ફુટી જવાને મામલે સમગ્ર દેશમાં હોબાળો મચી ગયો હતો.આ મામલે સરકાર પર પસ્તાળ પડી છે.પોલીસે તપાસ શરુ તો કરી છે પરંતુ સરકાર સામાન્ય પરીક્ષાના પેપરો ફુટી જાય તો અન્યત્ર શું ના થઈ શકે તે બાબતે લોકોનો સરકારમાં વિશ્વાસ ડગી ગયો છે. કર્ણાટકની ચુટણીઓમાં ચુંટણી પંચ ચુંટણીઓની જાહેરાત કરે તે પહેલા ભાજપે પેપર ફોડી નાંખ્યુ અને ચુંટણીઓની જાહેરાત કરી નાંખી.અનેડીએના શાસન દરમિયાન બનેલી કેટલીક ઘટનાઓ સરકારની નિષ્ફળતા સાબિત કરે છે. વહીવટી ક્ષમતામાં સરકારની નિષ્ફળતા એ સુચવે છે કે તેમની સરકાર ચલાવવાની સફળ સધ્ધરતા નથી. પેપર લીકની ઘટનામાં પેપર્સનો સોદો કરોડોમાં પહોચી ગયો છે.

ચુડીયા ચુગ ગઈ ખેત અબ પસ્તાવે ક્યા હોવત હૈ. યુક્તિ અનુસાર હવે પેપર ફોડનારાને પોલીસ શોધી રહી છે. વિદ્યાર્થીઓ જેઓ પરિક્ષામાં બેસનાર હતા કે બેઠેલા હતા તેમના ભવિષ્યનું શું ?

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ રદ કરવાની કોઇ દરખાસ્ત નથી ભાજપે સ્વીકાર્યું

ભારતીય જનતા પક્ષે તેમના ચુંટણી ઢંઢેરામાં જમ્મુ કાશ્મીરને અલગ દરજ્જો આપતી કલમ ૩૭૦ને રદ કરવાનું વચન આપીને પ્રજા પાસેથી મત મેળવ્યા હતા હવે ભાજપે લોકસભામાં આ બાબતે પીછેહઠ કરી છે.કેન્દ્રીય મંત્રી ગંગારામ આહિરે લોકસભામાં સ્પષ્ટ કર્યુ છે કે હાલમાં આ આર્ટીકલ રદ કરવાની કોઈ દસખાસ્ત નથી.સરકાર બંધારણની કલમ ૩૭૦ને રદ કરવા માટે પ્રતિબધ્ધ છે કે કેમ તેવા ભાજપ સાંસદ અશ્વિનીકુમારના સવાલના જવાબમાં આહિરે આ નિવેદન આપ્યું હતું.અશ્વિનીકુમારે હાલની સ્થિતિ અને કલમ ૩૭૦માં નિયત પ્રક્રિયા અંગે પણ સવાલ કર્યો હતો.પરંતુ આહિરે એક જ લીટીના સવાલમાં કહ્યુ હતું કે હાલમાં સરકારના વિચારણા હેઠળ આવી કોઈ દરખાસ્ત નથી.

હાલમાં ભાજપ રાજ્યમાં પ્રાદેશિક પક્ષ પીડીપી સાથે સત્તામાં છે.જમ્મુ-કાશ્મીરમાં હિંસા અંગેની તપાસ માટે ાવેલા કેન્દ્રના મધ્યસ્થી દિનેશ્વર શર્માએ કરેલા નિવેદન અંગેના એક અલગ સવાલના જવાબમાં આહિરે કહ્યુ હતું કે તાજેતરમાં યુધ્ધ વિરામ ભંગની ઘટનાઓના સંદર્ભમાં શર્માએ સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. અને કેટલાક પગલાં સુચવ્યા હતા.આહિરે ઉમેર્યું હતું કે સરકાર રાજ્યમાં શાંતિ લાવવા આતુર છે.અને સમાજના તમામ વર્ગો સાથે ચર્ચા કરવા માટે તૈયાર છે.

આહિરે કહ્યુ હતું કે સરકાર યુવાઓને રાજ્યની મુખ્યધારામાં લાવવાની નીતીઓને પ્રોત્સાહન આપી રહી છે.આમાં યુવાઓને આતંકથી દુર રાખવા માટે તેમને રોજગારના અવસરો ઉપલબ્ધ કરવાવું પણ સામેલ છે.

## લોકસભા અને રાજ્યસભામાં કાવેરી મામલે તામિલનાડુના સાંસદોએ કામગીરી ઠપ્પ કરાવી

લોકસભા અને રાજ્યસભામાં તામિલનાડુના સાંસદોના સતત ૧૮મા દિવસે વિરોધને કારણે કામગીરી ઠપ રહી હતી.તામિલનાડુના સાંસદોએ કાવેરી જળ અંગેના ચુકાદાનો વિરોધ કરતાં ગૃહમાં તોફાન સર્જાયું હતું.જેના પગલે કામગીરી બંધ રખાઈ હતી.રાજ્યસભામાં માત્ર છ મીનીટની કામગીરી થઈ હતી.જ્યારે લોકસભામાં માત્ર ચાર મીનીટની કાર્યવાહી બાદ ગૃહ આટોપી લેવાયું હતું.

લોકસભાની કાર્યવાહી સમગ્ર દિવસ માટે મુલવતી રાખતાં પહેલા સ્પીકર સુમિત્રા મહાજને કહ્યુ હતું કે તેઓ સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટીસ ગૃહમાં લાવી શકે તેમ નથી કેમકે વિરોધ પક્ષોના સભ્યો સતત હોબાળો મચાવી રહ્યા છે અને કામગીરી થઈ શકે તેમ નથી.

રાજ્યસભામાં પણ તામિલનાડુના સાંસદોએ વેલમાં ઘસી જઈને સુત્રોચ્ચાર કરતાં તેના પગલે ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી.કોગ્રેસ,તુણમુલ કોગ્રેસ,બસપા,ટીડીપી, તેમજ ડીએમકે અને એઆઈએડીએમકેના સાંસદો ચેરમેન વૈક્યા નાયડુની સામે વેલમાં ધસી ગયા હતા.અને સુત્રોચ્ચાર કર્યો હતો.કોગ્રેસ અને બસપાના સાંસદોએ સરકાર સામે દલિતો વિરોધો હોવાનો આક્ષેપ કર્યો હતો..જ્યારે તુણમુલ કોગ્રેસના સાંસદોએ દેશના સૌથી મોટા બેન્ક ફ્રોડ અંગે સરકારને ઘેરી હતી.તામીલ પાર્ટીઓએ કાવેરી વોટર મેનેજમેન્ટ બોર્ડના કર્ણાટક અને તામિલનાડુ સાથેના પાણીના વહેચણીના ચુકાદા મામલે વિરોધ નોધાવ્યો હતો.

કાવેરી જળ વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે.સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે કાવેરી મેનેજમેન્ટ બોર્ડ રચવામાં કેન્દ્રની નીષ્ફળતા બદલ કોઈમ્બતુરમાં પ્રદર્શન કરતી વેળાએ ડીએમકેના બે નેતાઓએ આત્મદાહનો પ્રયાસ કર્યો હતો.તામિલનાડુંમાં અનેક ભાગોમાં આંદોલન જલદ બની રહ્યું છે.અને વિપક્ષોએ રાજ્ય બંધનું એલાન આપ્યુ છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

બિહારમાં અનેક જગ્યાઓ પર કોમી રમખાણો ફેલાઇ ગયા છે.ભાગલપુરમાં કોમી હિંસા ભડકાવવા માટે બિહરા પોલીસે કેન્દ્રીય મંત્રી અશ્વનીકુમાર ચૌબે ના પુત્ર અરિજીત શાશ્વતની ધરપકડ કરી છે.ભાગલપુરની કોર્ટે એક સપ્તાહ પહેલા વોરંટ જારી કર્યુ હતું. પરંતુ પોલીસ તેને પકડવામાં કામયાબ નીવડી નહોતી.વિધાનસભાની ચુંટણીમાં ભાગલપુર બેઠક પરથી આ વ્યક્તિએ ઉમેદવારી કરી હતી.

શાસ્વત પર વગર પરવાનગીએ રેલી કાઢવા,ઉશ્કેરણીજનક નારાબાજી કરી હિંદુ-મુસ્લીમ રમખાણો ભડકાવવાનો કેસ પોલીસે દાખલ કર્યો છે.જો કે કેન્દ્રીય મંત્રી પોતાના પુત્ર સામે ખોટો કેસ કરવામાં આવ્યો છે તેવું રટણ ચાલુ રાખ્યું છે. પરંતુ સોશ્યલ મીડીયા પર ફેલાઇ ગયેલા સમાચારો પરથી એવું દેખાય છે કે સમગ્ર બિહારમાં જે રીતે રમખાણો ફેલાવવામાં આવ્યા છે તે પાછળ કોઇ ચોક્કસ રાજકીય હેતુ ફલિત થતો દેખાય છે.સત્તા પક્ષ પર બેઠેલા કેટલાક નેતાઓના આર્શીવાદથી કેટલાક કટ્ટરવાદી સંગઠનો રમખાણો ફેલાવવા માટે વ્યવસ્થિત કાર્ય કરી રહ્યા છે તેથી સરકાર અસરકારક કામ કરી શકતી નથી. બિહારમાં નીતિશકુમાર અને ભાજપની ગઠબંધનની સરકાર અસ્તિત્વ ધરાવે છે.હવે નીતિશકુમારનું વર્ચસ્વ ઘટી ગયું છે અને ભાજપનું વધી ગયું છે તેથી વ્યવસ્થાતંત્ર પરનો નીતિશકુમારનો કાબુ ખતમ થઇ ગયો છે.બિહારની સરકારનું રિમોટ કંન્ટ્રોલ નાગપુરથી ચાલે છે તેવું કહેવાઇ રહ્યું છે.સત્તાની સાઠમારી દેશની લોકશાહીનો ખુરદો બોલાવી દે છે તેનો આ તાદ્દશ નમુનો છે.

૨૦૧૮-૧૯નું નવુ નાણાંકીય વર્ષ અને ભાજપની સરકારની મુદત પુરુ થવાનું છેલ્લુ વર્ષ છે.પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળે છે.વિકાસના ગાડી ક્યાં ચાલે છે તેની કોઇને ખબર નથી.વિકાસ ક્યાં થયો છે અને કોનો થયો છે તેના લેખા જોખા પાંચ વર્ષ પછી તો નીકળશે.હાલમાં સત્તાધારી પક્ષના નેતાઓ પોતાની સત્તા ટકાવી રાખવા માટેના પ્રયત્નોમાં ડુબેલા છે.દેશનુ જે થવાનું હોય તે થાય.

બેન્કોના ગોટાળાએ આર્થિક પાયમાલી નહોતરી છે તેમાં શક નથી. પરંતુ પાચ વર્ષ પછી પણ આ બેહાલી બીજાના માથા પર ઠોકવામાં હોશીયારી ધરાવતા માનસ વાળી સરકારની પડતી થઇ રહી છે.

## બંધારણ બચાવો,અનામત બચાવો રેલીમાં ભાજપ સામે નિશાન તાકતાં સાંસદ સાવિત્રી ફુલે

ભાજપના મહિલા સાંસદ સાવિત્રી ફુલેએ પોતાના પક્ષની જ સરકાર સામે મોરચો ખોલી દીધો છે.પાટનગર પટનામાં બંધારણ બચાવો, અનામત બચાવો રેલીના માધ્યમથી તેમણે કેન્દ્રની મોદી સરકારને નિશાન પર લીધી હતી.તે સાથે જ તેમણે ચેતવણીભર્યા સ્વરે કહ્યુ કે ભલે પોતે સાંસદ રહે કે ના રહે, પણ બંધારણમાં ચેડા નહીં થવા દે. તેઓ બંધારણ નિર્માતા ડો. ભીમરાવ આંબેડકરના નામ સાથે રામજી શબ્દ સામેલ કરવાના યોગી સરકારના નિર્ણય સામે પણ નારાજગી દર્શાવી ચુક્યા છે. પાટનગર લખનઉમાં કાશીરામ સ્મૃતિ ઉપવન ખાતે આયોજીત બંધારણ બચાવો, અનામત બચાવો રેલીમાં ભાજપના સાંસદે કહ્યુ હતું કે તેઓ ભાજપ સરકાર વિરુધ્ધ નહીં પણ અનામતના મુદ્દે રેલી કરી રહ્યા છે.તાજેતરમાં અલ્હાબાદ ખાતે આંબેડકરની પ્રતિમા તોડાઇ હોવાની ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યુ કે આંબેડકરની પ્રતિમાઓ તોડાઇ રહીછે દલિતોની હત્યા થઇ રહી છે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨


## અમે અમારા પિતાના હત્યારાઓને માફ કરી દીધા છે : રાહુલ ગાંધી

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે મે અને મારી બહેન પ્રિયંકાએ મારા પિતા રાજીવ ગાંધીના હત્યારાઓને સંપુર્ણ માફી આપી દીધી છે.સિંગાપુરમાં આઇઆઇએમના પુર્વ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીને સવાલ કરાયો હતો કે શું તમે અને તમારી બહેન પ્રિયંકા ગાંધીએ તમારા પિતાના હત્યારાઓને માફ કરી દીધા છે? જવાબમાં રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યુ હતું કે મારા પિતાની હત્યાથી અમે ઘણા વિચલિત અને દુઃખી હતા. ઘણા વર્ષો સુદી અમારા મનમાં ગુસ્સો પણ હતો. પરંતુ હવે અમે તેમને સંપુર્ણપણે માફ કરી દીધા છે.

મને યાદ છે ,મે એલટીટીઇના વડા પ્રભાકરને ટીવી સ્ક્રીન પર મૃત હાલતમાં જોયા ત્યારે મારા મનમાં બે પ્રકારની લાગણી જાગી હતી. પહેલી લાગણી એ વ્યક્તિને ધિક્કારતી હતી તો બીજી તરફ મને તેમના તથા તેમના સંતાનો માટે દુઃખ થયું હતું. મને એ પ્રકારની લાગણી થઇ કારણ કે હું પોતે તે પ્રકારની પરિસ્થિતિમાંથી પસાર થયો હતો.

રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે અમે જાણતા હતા કે મારા પિતા માર્યા જવાના છે. અમે જાણતા હતા કે અમારા દાદી માર્યા જવાના છે. રાજનીતિમાં જયારે તમે ખોટા પરિબળો સામે સંઘર્ષમાં ઉતરો છો અને તમે કોઇ હિત માટે લડત આપો છો ત્યારે તમારે મોત વહોરવું પડે છે.

રાહુલ ગાંધીને સવાલ કરાયો હતો કે પુર્વ વડાપ્રધાનોના પૌત્ર અને પુત્ર હોવાના નાતે તમને જીવનમાં કેવા પ્રકારના લાભ થયા હતા ? રાહુલ ગાંધીએ જવાબ આપ્યો હતો કે તે તો તમે સિક્કાની કઇ બાજી પર છો તેના



પર આધાર રાખે છે. હું ૧૪ વર્ષનો હતો ત્યારે મારા દાદીની હત્યા થઇ હતી.મારા પિતાની હત્યા બાદ હું રાતદિવસ ૧૫ લોકોથી ઘેરાયેલો રહેતો હતો. હું નથી માનતો કે તે એક વિશેષાધિકાર હતો કે લાભની સ્થિતિ હતી તે એક કપરી સ્થિતિ હતી.

## અસાદુદ્દીન ઔવેસીએ નાથુરામ ગોડસેને ભારતનો એક નંબરનો આતંકવાદી ગણાવ્યો

એઆઇએમઆઇએમના અધ્યક્ષ અસાદુદ્દીન ઔવેસીએ એક સભાને સંબોધતાં કહ્યુ હતું કે નાથુરામ ગોડસે ભારતનો નંબર એક આતંકવાદી હતો. આમ કહેવાથી પોલીસ તેને કોઇ નોટીસ ફટકારશે તો તેને કંઇ ફરક પડતો નથી.અમે ક્યારેય દેશનો સોદો કર્યો નથી અને ક્યારેય દેશનો સોદો કરીશું પણ નહીં. ૭૦ ના દાયકામાં અમને ડરાવવામાં આવતા હતા.પરંતુ અમે ભયભીત નથી.એક સભામાં ઔવેસીએ ફરી એક વખત વિવાદિત નિવેદન આપ્યું હતું. આ પહેલા તેણે શ્રી શ્રી રવિશંકરની વાત પર નિવેદન આપ્યું હતું.

ઔવેસીએ જણાવ્યુ હતું કે ગાંધીજીને કોણે માર્યા આ મામલે જો પોલીસ કોઇને નોટીસ ફટકારે તો મને કોઇ ફરક પડતો નથી.હું પોલીસને પુછુ છું કે હું ગોડસેની વિરુધ્ધ બોલીસ તમે મને નોટીસ ફટકારશો ? હિદુસ્તાનનો સૌથી મોટો અને નંબર વન આતંકવાદી નથુરામ ગોડસે હતો.ઓવેસીએ માંગ કરી હતી કે સુપ્રીમ કોર્ટ બાબરી મસ્જીદ-રામજન્મભુમિ વિવાદ પર પોતાનો નિર્ણય વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણી સુધી જાહેર ન કરે.

આ પાછળનું કારણ એ છ કે બાબરી અને રામજન્મભુમિ અંગે રાજકારણ રમાઇ રહ્યુ છે.જમીનના વિવાદને ધાર્મિક સાથે ન જોડવામાં આવે.

રામમંદિરનો મુદો જમીન માલિકી સાથે જોડાયેલ છે ધારમિકતા સાથે નહીં.ધર્મનિરપેક્ષ શાસન સાથે આ કેસ જોડાયેલ છે. દરેકે સુપ્રીમ કોર્ટનો નિર્ણય સ્વીકરાવો જોઇએ.

## તામીલનાડુંમાં ફરી વખત પેરિયારની પ્રતિમા ખંડિત કરાઇ

ત્રિપુરામાં લેનિનની પ્રતિમાં તુટ્યા બાદ દેશના અનેક રાજ્યોમાં મુર્તિ ખંડનની ઘટનાઓમાં પુર્ણ વિરામ મુકાયું નથી.તમિલનાડુંના પુડુકોટ્ટઇમાં ફરી એક વખત આવો બનાવ બન્યો છે.પુડુકોટ્ટઇમાં પેરિયારની મુર્તિ તોડી પાડવામાં આવી છે.તેથી કેટલાક અજાણ્યા શખ્સો સામે ફરિયાદ દાખલ કરી તપાસ શરુ કરવામાં આવી છે.આ પહેલાં તમિલનાડુના વેલ્લુર જિલ્લાના તિરુપતુરમાં પેરિયારની પ્રતિમા તોડી પાડવામાં આવી હતી. ત્યાર બાદ તર્કવાદી નેતા રામાસામીની મુર્તિ તોડી પડાઇ હતી. જે કેસમાં ભાજપના એક જવાબદાર અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.મુર્તિઓ ખંડિત કરવાની ઘટનાઓની સાથે આદર્શ નેતાઓના નામ પર શાહી ફેકવાના કેસ પણ સામે આવી રહ્યા છે.

કોલકાતાની એક કોલેજમાં શ્યામાપ્રસાદ મુકરજીની નેમપ્લેટ પર કોઇ શખ્સોએ કાળી શાહી ફેંકી હતી.દેશભરમાં બની રહેલી આવી ઘટનાઓને લઇને કેન્દ્રીય પ્રધાન રાજનાથસિંહે અજાણ્યા શખ્સો સામે કડક પગલાં ભરવા આદેશ કર્યા છે. જ્યારે આરએસએસના ભૈયાજીએ મુર્તિ ખંડન સામે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

## ચીફ જસ્ટીસ સામે મહાબિયોગ લાવનાર વકીલો ઉપર બાર કાઉન્સિલનો પ્રતિબંધ

બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયાએ એક પ્રસ્તાવ રજુ કરીને કોંગ્રેસના નેતા અને જાણીતા વકીલ કપિલ સિબ્બલ,અભિષેક મનુ સિંઘવી તેમજ વિવેક તંખા સામે ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા દિપક મિશ્રાની કોર્ટમાં કેસ લડવા સામે પ્રતિબંધ લગાવ્યો છે. આ વકીલો ચીફ જસ્ટીસ સામે મહાબિયોગની દરખાસ્ત લાવવામાં સક્રિય ભુમિકા નિભાવનાર હોવાથી તેમની સામે આ પગલું લેવામાં આવ્યું છે. બાર કાઉન્સીલે ૧૮ માર્ચે આ ઠરાવ પાસ કર્યો હતો.

નવા પ્રસ્તાવમાં એવી જોગવાઇ કરાઇ છે કે જે સાંસદો અને ધારાસભ્યો જેમનો વિરોધ કરતા હોય તેવા જજીસની કોર્ટમાં કેસ લડી શકશે નહીં.બાર કાઉન્સીલના અધ્યક્ષ મનન મિશ્રાએ કહ્યુ હતું કે અમે એવા વકીલો કે જેઓ સાંસદ કે ધારાસભ્ય છે પણ સુપ્રીમ કોર્ટ કે હાઇકોર્ટના જજ સામે મહાબિયોગનો પ્રસ્તાવ લાવે છે તેઓ એવા જજીસની કોર્ટમાં પ્રેકટીસ કરી શકશે નહી.

આ વકીલોએ બાર કાઉન્સીલનો વિરોધ કર્યો હતો પરંતુ બાર કાઉન્સીલે તેમની વાત સ્વીકારી નહોતી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ભારતીયો વધારે કરબોજ હેઠળ દબાઇ ગયા છે :ભારતનો જીએસટી સૌથી જટીલ ટેક્સ છેઃ વિશ્વ બેન્ક

આ દેશમાં લોકશાહીના નામ પર ચુંટાતી આવેલી કોઈપણ સરકારોએ દેશના નાગરિકોને ટેકસના ભારણમાં રાહત તેમાંથી ઉગારવાનો કોઈ પ્રયત્ન કર્યો હોય તેવું લાગતું નથી.જેટલી સરકારો આવી તેમણે નાગરિકો પર યેનકેન પ્રકારે વિવિધ ટેકસ ઝીક્યા કર્યા છે અને નાગરિકોના ખિસ્સાં વેતરી કાઢ્યા છે.વર્લ્ડ બેન્કે તાજેતરમાં જારી કરેલા અહેવાલમાં જણાવ્યુ હતું કે ભારતીયો પર જીએસટી નામે અઢળક ટેકસ લાગુ કરવામાં આવ્યો છે.ભારતની જીએસટી વ્યવસ્થા દુનિયાની સૌથી જટિલ ટેક્સ વ્યવસ્થામાંથી એક છે. વર્લ્ડ બેન્કના ઈન્ડીયા ડેવલપમેન્ટ અપડેટ નામના છમાસિક અહેવાલે કેન્દ્ર સરકારની ટેક્સક્રાંતિના લીરેલીરા ઉડાડ્યા છે.અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં લાગુ થયેલો જીએસટી દુનિયામાં બીજા ક્રમનો સૌથી વધુ વસુલવામાં આવતે કરવેરો છે.૧૧૫ દેશોની જીએસટી વ્યવસ્થા સાથે સરખામણી કરાયા બાદ આ અહેવાલ રજુ કરવામાં આવ્યો છે.તેમાં જણાવાયું હતું કે ભારતમાં ટેક્સનું પ્રમાણ ઘણુ વધારે છે. ભારતીયો સરળ ટેક્સના નામે સૌથી વધારે વેરા ભરી રહ્યા છે.પહેલા કરતાં ભારતીયો વધારે કરબોજ હેઠળ દબાઈ ગયા છે.ભારતે કાયદાકીય કામગીરી પણ સરળ બનાવવી જોઈએ.

# ખેડુતોની માંગણી સામે મહારાષ્ટ્ર સરકાર ઝુકી ગઇ : ખેડુતોની તમામ માંગણી સ્વીકારી દેવા માફ

છ દિવસથી નાસિકથી ૧૮૦ કી.મી.નું પગપાળા અંતર કાપીને મુંબઈ આવેલા મહારાષ્ટ્રના ખેડુતોનું આંદોલન રંગ લાવ્યુ હતું.વિરોધપક્ષ કોગ્રેસ અને સાથી પક્ષ શિવસેના તરફથી દબાણમાં ભાજપની આગેવાની હેઠળ મહારાષ્ટ્ર સરકારે આંદોલન પર ઉતરેલા ખેડુતોની માંગણી સ્વીકારવી પડી છે.ખેડુતોના દેવાં નાબુદી થી લઈને જંગલની જમીન સહિતની તેમની માંગણીઓનો સ્વીકાર કરવાની દેવેન્દ્ર ફડનવીસની સરકારે તૈયારી દર્શાવી છે.નાસિકથી ઉપડેલા પચાસ હજારથી વધુ ખેડુતોનો લાલ દરિયો મુંબઈના આઝાદ મેદાનમાં ઉમટી પડ્યો હતો.અને તેને પગલે ફડનવીસ સરકાર તેની સામે ઝુકી ગઈ હતી.આ ઘટનાને ખેડુતોનો મોટો વિજય માનવામાં આવી રહ્યો છે.

રાજ્યના મહેસુલ મંત્રી ચંદ્રકાંત પાટિલે જણાવ્યુ હતું કે ખેડુતોની તમામ માંગણીઓ સ્વીકારવામાં આવી છે.તેમણે સીપીઆઇ-એમ ના મહામંત્રી સીતારામ યેચુરીની હાજરીમાં દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં એકત્ર ખેડુતોને સંબોધ્યા હતા.આ ઉપરાંત પત્રકારો સાથેની વાતચીતમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડનવીસે કહ્યુ હતું કે અમે ખેતી માટે ઉપયોગામાં લેવાતી જંગલની જમીન આદિવાસીઓ અને ખેડુતોને સુપરત કરવા માટે એક કમિટીની રચના કરવા સંમતિ દર્શાવી છે.તેમણે કહ્યુ હતું કે તેમની સરકાર ખેડુતોની માંગણી સ્વીકારવા સંવેદનશીલ અને હકારાત્મક છે.આશરે ૯૦ થી ૯૫ ટકા ખેડુતો ગરીબ છે. તેઓ જંગલની જમીનના હક્કો માટે લડી રહ્યા છે.તેઑ જમીનવિહોણા છે અને ખેતી કરી શકતા નથી.ખેડુતોની લોગ માર્ચ અંગેની ચર્ચા દરમિયાન રાજ્ય વિધાનસભામાં તેમણે પ્રશ્નોની ચર્ચા કરી હતી.લાલ દરિયામાં ફેરવાયેલું મુંબઈનું આઝાદ મેદાનમાં આવેલા ખેડુતોનું આંદોલન સીપીઆઇ (એમ) સાથે સંકળાયેલી ઓલ ઈન્ડીયા કિસાન સભા આ વિરોધની આગેવાની કરી રહી હતી.ખેડુતોને લોનની બિનશરતી માંફી અને જંગલની જમીન આદિવાસી ખેડુતોને ટ્રાન્સફર કરી દેવાની માગણી કરી રહ્યા છે.

આ ઉપરાંત ખેડુતો લઘુત્તમ ટેકાનો ભાવ ઉત્પાદનના ખર્ચથી દોઢો નક્કી કરવાની સ્વામીનાથન કમિટિની ભલામણનો અમલ નહીં કરવાનો પણ વિરોધ કરી રહ્યા છે.નાસિક,થાણે અનો પાલઘર જિલ્લાઓમાં નદીઓના જોડાણની યોજનામાં ફેરફારની પણ માંગણી છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# ગુજરાતમાંથી ચાર સભ્યો રાજ્યસભા માટે બિનહરીફ ચુંટાયા

રાજ્યસભાની ચાર બેઠકો પર ઉમેદવારી પત્રો ભરવાથી માંડીને ફોર્મની ચકાસણી સુધીના ત્રણ દિવસો દરમિયાન કોગ્રેસના આંતરિક ડભા અને જુથબંધીનો ફાયદો ઉઠાવવા માટે ભાજપે કરેલી અંતિમ ઘડી સુધીની દોડધામ અને મથામણ કારાગત નીવડી નહોતી.આને કારણે આ ચુંટણી માટે ઉમેદવારી પત્રો પાછા ખેચવાના દિવસે ભાજપે તેના ત્રીજા ઉમેદવાર કિરિટસિંહ રાણાની તેમજ કોગ્રેસે તેના સમર્થિત અપક્ષ ડો.પી.કે. વાલેરાની ઉમેદવારી પાછી ખેચી લીધી હતી. આ સાથે જ ચાર જ બેઠકો પૈકી બે બેઠકો પર ભાજપના કેન્દ્રીય મંત્રીઓ પુરષોત્તમ રુપાણા અને મનસુખ માંડવીયા તેમજ કોગ્રેસમાંથી ઉમેદવારી કરનારા અમિબેન યાજ્ઞિક અને નારણ રાઠવા રાજ્યસભાની સીટો પર બિનહરિફ ચુંટાયેલા જાહેર કરાયા હતા.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# યુપી,બિહારની પેટા ચુંટણીમાં ભાજપ અને એનડીએનો કારમો પરાજય

ઉત્તરપ્રદેશ અને બિહારની પેટાચુંટણીઓમાં જે પરિણામો આવ્યા તે ભાજપ અને એનડીએ માટે આંચકાજનક રહ્યા છે.૨૦૧૯ની લોકસભાની ચુંટણી પહેલા સેમિફાઈનલ સમાન ઉત્તર પ્રદેશની ફુલપુર અને ગોરખપુર લોકસભાની બેઠકોની પેટાચુંટણીમાં ભાજપનો કારમો પરાજય થયો છે.આ પરિણામો મોટી રાજકીય ઉથલપાથલો સર્જવાના સંકેતો બતાવે છે. તે જ રીતે બિહારના અરરિયા લોકસભાની બેઠકની પેટા ચુંટણીમાં લાલુ યાદવના રાજદે બાજી પલટી નાંખી છે.નીતીશકુમાર અને ભાજપના ગઠબંધનને લાલુએ તોડી પાડ્યું ચે.અને વિજય પ્રાપ્ત કર્યો છે.આમ રાજદનો ઉમેદવાર જીતી જતાં નીતીશકુમારની લોકપ્રિયતામાં ફટકો પડ્યો છે.યુપીમાં યોગીની કરિશ્માઈ પ્રતિભા ને પણ નુકશાન પહોચ્યું છે.

યોગી આદિત્યનાથના શાસનને એક વર્ષ થયું છે અને તેમના ઉમેદવારો પરાજીત થતાં તેમના શાસન પર સવાલો ઉઠ્યા છે.ગોરખપુરની લોકસભાની બેઠક પર ૧૯૮૦થી ગોરખનાથ મઠનું પ્રભુત્વ રહ્યું હતું. સીએમ યોગી આદિત્યનાથ ૧૯૯૮થી ૨૦૧૪ સુધી પાંચવાર ગોરખપુર બેઠક પરથી ચુંટાયા હતા.આ બેઠક પરથી આદિત્યનાથના ગુરુ મહંત અવૈધનાથ ચુંટણી લડતા હતા. તેઓ ૧૯૮૯,૧૯૯૧,૧૯૯૬માં સાસદ તરીકે ચુંટાયા હતા.રાજસ્થાનની પેટા ચુંટણીઓ અને સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ બાદ ગોરખપુર અને ફુલપુરની ચુંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની હતી.પરતું ભાજપને આ જંગમાં હાર મળી છે.

# ગુજરાત વિધાનસભામાં લોકપ્રતિનિધિઓએ લોકશાહીના લીરા ઉડ્ડાડ્યા

ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાને લાંછન લગાડે તેવી ઘટના ગુજરાત વિધાનસભામાં બની હતી.ધારાસભ્યો વચ્ચે ચાલતી ચર્ચા દરમિયાન વિવાદ સર્જાતા શાસક અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે જે રીતે છુટા હાથે મારામારીની ઘટના બની તેને કારણે લોકશાહીના મંદિર સમાન ગણાતા ગૃહમાં અસભ્યતાની ઘટના ઘટી.પ્રશ્નોત્તરીકાળમાં પહેલો જ સવાલ આશારામ આશ્રમના બે બાળકોના અપમૃત્યુના સંદર્ભમાં તપાસ પંચનો રીપોર્ટ હતો.જવાબના મામલે હોબાળો થયો .કોગ્રેસના સભ્યોએ બોલવાનો આગ્રહ રાખ્યો પણ બોલવા ન દેવાયાનો વાંધો ઉઠાવી ભાર ઉહાપોહ શરુ થયો.અને અહીથી શરુ થયું અસભ્યતાનું વર્તન.ભાજપ અને કોગ્રેસના સભ્યો આમને સામને આવી જતાં યુધ્ધ જેવા મંડાણ થયા.ગૃહની બહાર પણ બંને પક્ષના સભ્યો દ્વારા મારામારીની ઘટના બની.છેવટે પરિણામ એ આવ્યું કે સરકારની દરખાસ્તના આધારે અધ્યક્ષે કોગ્રેસના બે સભ્યોને ત્રણ વર્ષ માટે અને એકને એક વર્ષ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવાનો અભુતપુર્વ નિર્ણય લીધો.

પ્રેશ્રકોના મતે ભાજપના ધારાસભ્યો પણ દુધે ધોયેલા નથી. તેમનો વ્યવહાર પણ બરાબર સજ્જનોને શોભે તેમ નહોતો.ભાજપના અડધો ડઝન સભ્યો કોગ્રેસના ધારાસભ્ય અમરીશ ડેર ફરી ગૃહમાં આવ્યા ત્યારે તેમની પર તુટી પડ્યા.કોઈએ ફેટ મારી કોઈએ લાફો માર્યો.ગલીના ગુંડાઓ જેવું વર્તન દેખાતું હતું.અસભ્યતાની હદ વટાવીને ગાળાગાળી થવા માંડી.

ફરી ફરીને એક સવાલ મગજમાં ઘુંટતો રહ્યો કે આપણે લોકશાહીની રક્ષા કરવા માટે કેવા સજ્જનોને લોકશાહીના મંદિરમાં મોકલીએ છીએ.ગુંડાઓ અને મવાલીઓ ની માફક વર્તનારા લોકો પાસે આપણે કેવી અપેક્ષા રાખી શકીએ.સાંપ્રત પરિસ્થિતિમાં આપણે જોઈએ છીએ કે જ્યાં જોઈએ ત્યાં ભ્રષ્ટાચાર, અશિસ્ત,મારામારી,ગુંડાગર્દી અને બેફામ વર્તનારા લોકોની ખોટ નથી.સામાન્ય નાગરિક હવે કંટાળી રહ્યો છે.આમ ને આમ તો લોકશાહીનું ધોળા દિવસે ખુન થઈ જાય તો તેના પર અફસોસ કોણે કરવાનો ?


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# પુરૂષ યુગલોના લગ્ન જીવનમાં કોઇ હસ્તક્ષેપ ના કરીશકે : સુપ્રીમ કોર્ટ



પ્રેમસબંધના કારણે જીવન પરની ધમકીનો સામનો કરી રહેલા આંતરજાતીય અને આંતરધર્મી લગ્ન કરનાર યુગલોને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતો જેવા ગેરકાયદેસર સંગઠનોના હસ્તક્ષેપ ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો છે.સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતોને સંપુર્ણ ગેરકાયદેસર ઠેરવી છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા, જસ્ટીસ એ.એમ. ખાનવિલકર, જસ્ટીસ ડીય.વાય ચંદ્રચુડની બેન્ચે આંતરધર્મ અને આંતરજાતીય લગ્ન કરનાર યુગલોના જીવનમાં હસ્તક્ષેપ અટકાવવા માર્ગદર્શિકા પણ જારી કરી છે.બેન્ચે જણાવ્યુ હતું કે સંસદ દ્વારા યોગ્ય કાયદો ઘડી કાઢવામાં ન આવે ત્યાં સુધી અદાલત દ્વારા ઘડી કાઢવામાં આવેલા નિયમો અમલી રહેશે.

આંતરધર્મી કે આંતરજાતીય લગ્ન કરનાર યુગલોને ઓનર કીલીંગ સામે સંરક્ષણ આપવાની માંગ સાથે ૨૦૧૦માં એનજીઓ શક્તિવાહીની એ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.માર્ચ મહિનામાં સુનાવણી પુરી થયા પછી કેસમાં ચુકાદો અનામત રાખતી વખતે સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે જ્યારે બે પુખ્ત વ્યક્તિ,તેમની પશ્ચાદભુની પરવા કર્યા વિના સંમતિથી લગ્ન કરે છે ત્યારે કોઇ સગું કે ત્રીજી વ્યક્તિ તેમના લગ્ન જીવનમાં દખલ કરી શકે નહીં.ધમકી આપી શકે નહીં કે તેમની વિરુધ્ધ હિંસા આચરી શકે નહીં.

કેસની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે પણ અદાલતને જણાવ્યુ હતું કે રાજ્ય સરકારોએ આંતરધર્મી કે આંતરજાતીય લગ્નને કારણે પોતાના જીવનમાં ભય અનુભવનાર યુગલોને મેરેજ ઓફીસરોને જો તેમની ધમકી અપાઇ હોય તો જાણ કરવી જોઇએ જેથી તેમને સંરક્ષણ આપી શકાય.

સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતોને માન્યતા આપવાનો ઈન્કાર કરતાં જણાવ્યુ હતું કે એમ તેમને વ્યક્તિઓના જુથ અથવા તો એક સામુદાયિક સંગઠન તરીકે જ જોઇએ છે.

# વેચનાર અને ખરીદનારે હવે સબરજીસ્ટારની ઓફિસમાં હાજર નહીં રહેવું પડે, ઓનલાઇન સિસ્ટમથી રજીસ્ટ્રેશન થશે

રાજ્યમાં કબજા સાથેના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત છે.પણ કબજા વગરના પાવર ઓફ એટર્નીની નોધણી ફરજીયાત નથી. જેના કારણે આવા પાવર ઓફ એટર્ની દ્વારા ઘણી વખત મોટી છેતરપીંડી થાય છે.ઘણી વાર આવા પાવર ઓફ એટર્ની જ્યારે વેચાણખતની નોંધણી માટે ઉપયોગમાં લેવાય ત્યારે પાવર ઓફ એટર્ની કરી આપનાર વ્યક્તિ ફરી જતી હોય છે.તેથી કબજા સિવાયના પાવર ઓફ એટર્નીની નોંધણી હવે ફરજીયાત બનાવાઇ છે.

આ સંદર્ભનું રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૮ વિધાનસભામાં રાજ્ય સરકારે બહુમતીથી પસાર કર્યુ હતું. જુના એક્ટની કલમ ૧૭(૨)(૧૨)માં જાહેર હરાજીથી કોઇ મિલ્કત ખરીદનારને નોંધણીમાંથી મુક્તિ અપાઇ છે. નવા સુધારા વિધેયકમાંથી આ કલમ કમી કરાઇ છે.કેન્દ્રીય અધિનિયમમાં અત્યારે મિલ્કતના માલિકી હકની તપાસ માટે કોઇ જોગવાઇ નથી.નવા સુધારા રોકવા માટે જરુરી તપાસની જોગવાઇ દાખલ કરાઇ છે.રસપ્રદ એ છે કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૩૨,૩૪ અને ૩પની જોગાવાઇઓ પ્રમાણે વેચનાર અને ખરીદનારાઓએ અત્યાર સુધી દસ્તાવેજની નોંધણીની પ્રક્રિયા માટે સબરજીસ્ટાર સમક્ષ ઉપસ્થિત થવું પડતું હતું.હવે સમગ્ર પ્રક્રીયાનું ઇલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા રજીસ્ટ્રેશન થવાનું છે. એટલે નિયમનની સત્તા ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીર્ટ્રેશનને અપાઇ છે.રાજ્ય મહેસુલ મંત્રી કૌશિક પટેલે આ વિધેયક પસાર કરતી વેળાએ જણાવ્યુ હતું કે નવા ફેરફાર પ્રમાણે હવે ઓનલાઇન સિસ્ટમથી ઘેર બેઠા દસ્તાવેજો સબમિટ કરી શકાશે.પણ ઇલેક્ટ્રોનિક સિસ્ટમમાં ખરાઇ થશે જ. જે અંગેનો પાઇલટ પ્રોજેકટ ગાધીનગરમાં અત્યારે ચાલી રહ્યો છે.સબરજીસ્ટારની કચેરીઓ સગવડો વિનાની અને નાની જગ્યામાં ચાલતી હોવાની ફરિયાદોના સંદર્ભે મહેસુલ મંત્રીએ એવું પણ કહ્યુ હતું કે રુ.૭ કરોડના ખર્ચે રાજ્યની ૨૨ પૈકી ૧૯ સબરજીસ્ટારની કચેરીઓ અધ્યતન બનાવવામાં આવશે.

# બેન્કીંગ કૌભાંડના આરોપીઓએ નાણામંત્રી જેટલીની પુત્રીને વકીલ તરીકે રાખ્યા નો આરોપ મુકતાં રાહુલ ગાંધી

બેન્કીંગ કૌભાંડના મામલે મોદી સરકાર પર પ્રહારો ચાલુ રાખતાં રાહુલ ગાંધીએ એવો આરોપ મુક્યો હતો કે આ તમામ કેસોમાં નાણાં મંત્રી અરુણ જેટલી એટલા માટે ચુપ છે કે કેમકે તેમની દીકરી કૌભાંડીઓનો કેસ લડી રહી છે. કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ નાણાંમંત્રી અરુણ જેટલી પર નિશાન તાકતાં કહ્યુ હતું કે બેન્કીંગ કોભાંડ પર જે રીતે તેઓ ચુપ છે તેનાથી સ્પષ્ટ છે કે તેઓ પોતાની વકીલ દીકરીને બચાવવા માંગતા હતા.સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર એક અહેવાલને ટાંકીને કરેલી ટ્વીટમાં રાહુલે આક્ષેપ મુક્યો હતો કે જેટલીની દીકરીને આરોપીએ એક મહિના અગાઉ જંગી રકમ ચુકવી હતી. આ રકમ પંજાબ નેશનલ કૌભાંડના આરોપીને કોર્ટમાં બચાવવા માટે અપાઇ હતી.આ કૌભાંડ જાહેર થયું તેના એક મહિના અગાઉજ આ રકમ અપાઇ હતી. પંજાબ નેશનલ બેન્ક કૌભાંડમાં નિરવ મોદી અને તેના મામાની સંડોવણી છે અને રુપીયા ૧૧,૪૦૦ કરોડનું ફુલેકું ફેરવીને બંને વિદેશ જતા રહ્યા છે.

સીબીઆઇએ બેન્કીંગ કૌભાંડ કેસમાં અન્ય લો કંપની પર દરોડો પાડ્યો ત્યારે આ કંપની કેમ બાકાત રાખવામાં આવી હતી. તેવો પણ સવાલ રાહુલે કર્યો હતો.તેમણે આ ટ્વિટ સાથે હેશ ટેગ મુક્યો હતો. ઉલ્લેખ છે કે પીએનબી કૌભાંડમાં સરકાર હાથ અધ્ધર કરી રહી છે.અને તેનું ઠીકરું અગાઉ કોગ્રેસની આગેવાનીમાં બનેલી યુપીએ સરકારના માથે ફોડી રહી છે.

# ઇરાકમાં આતંકીઓના ભોગ બનેલા ૩૮ ભારતીયોના અવશેષો ભારત આવ્યા

ઇરાકના મોસુલમાં ચાર વર્ષ પહેલાં ઇસ્લામી સંગઠન આઇએસઆઇએસ દ્વારા અપહરણ કરીને જેમની હત્યા કરાઇ હતી અને ભારત સરકાર આ વ્યક્તિઓ માટે તેમના સ્વજનોને ખોટા આશ્વાસનો આપતી રહી, તેમના અવશેષો લઇને વિદેશ રાજ્યમંત્રી જનરલ વી.કે.સિંહ ઇરાકની રાજધાની બગદાદથી અમૃતસર આવ્યા હતા.મંત્રીશ્રીએ આપેલા નિવેદન પ્રમાણે બગદાદના ભારતીય દુતાવાસમાં આ તમામ ભારતીયોના રેકોર્ડ ઉપલબ્ધ નહોતા કારણકે તેઓ ત્યાં ગેરકાયદેસર રીતે ટ્રાવેલ એજન્ટ મારફતે ગયા હતા.એક મૃતક ભારતીયના અવશેષોની હજી યોગ્ય ઓળખ કરવાની બાકી છે તેથી તેના અવશેષો લવાયા નથી.તેમામ અવશેષો તેમના પરિવારજનોને સોપવામાં આવ્યા હતા.

મૃતકો પૈકી ૩૧ પુરુષો પંજાબ(૨૭)અને હિમાચલ પ્રદેશના(૦૪)ના હતા. બાકીના અવશેષો પટણા અને કોલકોતા ખાતે મોકલવામાં આવ્યા હતા. ત્યાં તેમના સ્વજનોને સોપવામાં આવશે.

# નોબેલ પ્રાઇઝ વિજેતા મલાલા પાકિસ્તાનના વડાપ્રધાન પદની ચુંટણી લડવા મહેચ્છા ધરાવે છે

સૌથી નાની ઉંમરે નોબલ પ્રાઇઝ મેળવનાર મલાલા યુસુફ ઝાઇ અભ્યાસ પુરો કરીને દેશમાં પાછા ફરીને ચુંટણી લડવાની યોજના ધરાવે છે. તેણીએ કહ્યુ હતું કે પાકિસ્તાન મારો દેશ છે અને બાકી પાકિસ્તાની નાગરિકોની જેમ ચુંટણી લડવાનો અધિકાર મને છે. ઉલ્લેખનીય છે કે ૭ વર્ષ પછી મલાલા પાકિસ્તાન પાછી ફરી છે.૨૦૧૨માં ત્રાસવાદીઓએ મલાલાને કન્યા કેળવણીની તરફેણ કરવા બદલ ગોળી મારી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.